# Shri Govind Guru University
(Established Vide Gujarat Act No. 24/2015)

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં. એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૫/૧૩૮૪ તા.૨૪/૦૧/૨૦૨૫

પરિપત્ર-૩૬૨૭

વિષય : નર્સિંગ અને ફીજીયોથેરાપી અભ્યાસક્રમની પરીક્ષાનાં પ્રશ્નપત્રો QPDS પધ્ધતિથી મોકલવા બાબત

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન નર્સિંગ અને ફીજીયોથેરાપી. અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, એક્ઝામ રીફોર્મ્સ અંતર્ગત તા.૦૪/૦૨/૨૦૨૫ થી શરુ થતી નર્સિંગ અને ફીજીયોથેરાપી અભ્યાસક્રમની વિવિધ પરીક્ષાનાં પ્રશ્નપત્રો સંબંધિત પરીક્ષા કેન્દ્રોને ફીઝીકલ કોપીના સ્થાને QPDS (Question Paper Delivery System) પધ્ધતિ થી યુનિવર્સિટી દ્વારા ફાળવેલ E-MAIL પર મોકલવામાં આવશે. જે માટેનો પાસવર્ડ પેપર DOWNLOAD વખતે પરીક્ષા કેન્દ્રના આચાર્યનાં REGISTERED MOBILE NUMBAR / COLLEGE E-MAIL પર મોકલી આપવામાં આવશે. જે માટે પરીક્ષા કેન્દ્રોને નીચે મુજબની નાનો સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

- પરીક્ષા કેન્દ્રોને પરીક્ષા શરુ થવાની ૪૫ મીનીટ પહેલા યુનિવર્સિટી દ્વારા ફાળવેલ E-MAIL પર QPDS પધ્ધતિ દ્વારા પ્રશ્નપત્ર મોકલવામાં આવશે.
- પરીક્ષા કેન્દ્રોએ પરીક્ષાર્થીઓની સંખ્યા મુજબના પ્રશ્નપત્રો સારી સ્પીડ ધરાવતા પ્રિન્ટરનો ઉપયોગ કરીને સમયસર પ્રિન્ટ કરીને જરૂરીયાત મુજબ સેટ બનાવીને પરીક્ષાર્થીઓને નીર્ધારિત સમયે આપવાના રહેશે.
- QPDS મારફત ઈ-મેઈલમાં આવેલ પ્રશ્નપત્રને પાસવર્ડ દ્વારા ખોલવાથી લઈ પ્રિન્ટ સુધીની તમામ કાર્યવાહીનું રેકોર્ડીંગ કરવાનું રહેશે તેમજ તેને સાચવીને રાખવાનું રહેશે, આ તમામ કાર્યવાહી CCTV અંતર્ગત અને યુનિવર્સિટી દ્વારા નીમવામાં આવેલ ઓબ્ઝર્વરની હાજરીમાં કરવાની રહેશે અને યુનિવર્સિટી દ્વારા માંગણી મુજબ CCTV રેકોર્ડીંગ રજુ કરવાનું રહેશે. આ તમામ રેકોર્ડીંગ ૬ મહિના સુધી સાચવવું ફરજીયાત છે.
- સમગ્ર કાર્યવાહી દરમિયાન પ્રશ્નપત્રની ગોપનીયતા અચૂકપણે જાળવવાની રહેશે.
- પ્રિન્ટર, ઈન્ટરનેટ, વીજળી........વગેરેમાં વિક્ષેભ આવેતો તેના વિકલ્પે અન્ય વૈકલ્પિક વ્યવસ્થાનું આયોજન અચકૂપણે અગાઉ થી જ કરવાનું રહેશે તેમજ સ્ટેશનરીનો સ્ટોક રાખવાનો રેહેશે.
- QPDS દ્વારા પ્રશ્નપત્રની પ્રિન્ટઆઉટથી લઇ પરીક્ષાર્થીને પ્રશ્નપત્ર આપવાં સુધીના સમયગાળામા પરીક્ષા કેન્દ્ર ના આચાર્યશ્રીઓ અથવા અધિકૃત વ્યક્તિઓએ QPDS પ્રશ્નપત્રના ઈ-મેઈલ પાસવર્ડની ગોપનીયતા અચૂકપણે જાળવવાની રહેશે.

સંબંધિત પરીક્ષા કેન્દ્રોના આચર્યશ્રીઓને ઉપરોક્ત સુચનાઓની ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે. જે બાબતની નોંધ લેવા અને તે મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

કુલ સચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
વિંઝોલ (ગોધરા).

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન નર્સિંગ અને ફીજીયોથેરાપી અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.